અપીલ અરજી નં.૧૩ તા.૪–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૭–૨–૧૧ની અરજીથી મુદૃા નં. (૧) રાજય સરકારના શહેર વિકાસ મંત્રાલયનાં ઉપસચિવશ્રી અશોકસિંહ પરમારે ગુજરાત રાજયની તમામ કોર્પોરેશનનાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના નામે વસાવેલ સ્થાવર જંગમ મિલ્કતોની આંકડાકીય માહિતી . મુદૃા નં. (૨) સુરત મહાનગર સેવા સદનના અધિકારીઓ કર્મચારીઓની મિલ્કત અંગેના પત્રકો મ્યુ. કમિશનરશ્રી સમક્ષ રજુ કરેલ છે તે તમામ ફર્સ્ટ ગ્રેડ અધિકારીઓ અને સેકન્ડગ્રેડ કર્મચારીઓની મિલ્કતોના પત્રકોની માહિતીની યાદીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૦૪–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૩ /૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૭–૨–૧૧ની અરજીથી મુદૃા નં. (૧) રાજય સરકારના શહેર વિકાસ મંત્રાલયનાં ઉપસચિવશ્રી અશોકસિંહ પરમારે ગુજરાત રાજયની તમામ કોર્પોરેશનનાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના નામે વસાવેલ સ્થાવર જંગમ મિલ્કતોની આંકડાકીય માહિતી . મુદૃા નં. (૨) સુરત મહાનગર સેવા સદનના અધિકારીઓ કર્મચારીઓની મિલ્કત અંગેના પત્રકો મ્યુ. કમિશનરશ્રી સમક્ષ રજુ કરેલ છે તે તમામ ફર્સ્ટ ગ્રેડ અધિકારીઓ અને સેકન્ડગ્રેડ કર્મચારીઓની મિલ્કતોના પત્રકોની માહિતીની યાદીની નકલ આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ)અને જાહેર માહિતિ અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૩૦ તા.૧૬–૩–૧૧ થી આપેલ માહિતીના નિર્ણયથી અસંતુષ્ટ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૪–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯ તા.૧૫–૪–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૧૯ તા.૨૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પીઓ મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૯૯ તા.૮–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૦૫ તા.૧૧–૨–૧૧ થી ડે. ઓડીટર અને જાહેર માહિતી અધિકારી તથા જાહેર માહિતી અધિકારી સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પત્ર નં. નં.જીએડી/ઈએસટી/૪૧૬૭ તા.૭–૩–૧૧ થી અરજદારને માહિતી નકલો મેળવી લેવા ફી ભરવા અંગે પાઠવેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે નં.જીએડી/ઈએસટી/૪૩૩૦ તા.૧૬–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી શહેર વિકાસ વિભાગ તરફથી કર્મચારીઓની સ્થાવર તેમજ જંગમ મિલ્કતો અંગે બહાર પાડેલ પરિપત્ર અને તે અંગે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની કરવામાં આવેલ મિલ્કતોની કમિ. મક્ષ રજુ થયેલ આંકડાકીય માહિતી કમિ. અને અને સેક્રેટરીશ્રી અને જાહેર માહિતી અધિકારીને સંબોધતી અરજી સેન્ટ્રલઝન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૯૯ તા.૮–૨–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૯૦૫ તા.૧૧–૨–૧૧ થી ડે. ઓડીટર અને જાહેર માહિતી અધિકારી તથા જાહેર માહિતી અધિકારી સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૬૭ તા.૭–૩–૧૧ થી રૂા.૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૨૩૭૭૩૦ તા.૧૪–૩–૧૧ ના રોજ માહિતી અંગેના નાણા ભરપાઈ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તા.૧૬–૩–૧૧ ના રોજ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૩૦ તા.૧૬–૩–૧૧ થી દસ્તાવેજી માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ અને અસંતુષ્ટ થઈ તા.૪–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી તરીકે ડે.કમિ.(પઅનેઈ) અને સેકશન ઓફિસર ઓડીટ ખાતુ જણાવેલ છે. જે અંગે ઓડીટ વિભાગ માટે અત્રેથી આરટીઆઈ સેલ/આ.નં.૫૧ તા.૧૧–૪–૧૧ થી અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ. જયારે ડે.કમિ.(પઅનેઈ) ની અપીલ અંગે અત્રેથી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. અપીલ અરજીમાં

અરજદારે મુવેબલ પ્રોપર્ટીની વિગતો ભરીને મોકલી નથી તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની મુળ અરજીમાં ફકત મિલ્કત અંગેના જ પત્રકોની માહિતીની યાદી માંગવામાં આવેલ છે. અરજદારે માંગેલ માહિતી મુજબ વર્ગ–૧ અને રના રજૂ થયેલ મિલ્કતના પત્રકોની યાદીની નકલ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) મુજબ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે કરેલ અલાયદી માંગણી મિલ્કતના પત્રકોની નકલ અંગે જોગવાઈ મુજબ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,